મે.વડોદરાના ૧૬ માં એડીશનલ સિનીયર સી.જજ અને એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
મુ.વડોદરા.
**ફોજદારી કેસ નંબરઃ–**
આંક –

**ફરિયાદી**

**વિરૂધ્ધ**

**આરોપી/ઓ**

**ગુનોઃ–** **એકટની કલમ** **મુજબ**

## –ચુકાદો–

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ .................................. .........................નિયમોના નિયમ .........................નો ભંગ કરી ...................... .................................ની કલમ.............................હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરીયાદ અદાલતમાં દાખલ કરતાં આરોપી વિરૂધ્ધ આ અદાલતે સદર ગુનાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ.

(૨) સદર કામે આરોપીને પ્રોસેસ બજાવવા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નહીં તેમજ તમામ પ્રયત્નો કરવા છતાં આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. પ્રસ્તુત કેસ ધણો જ જુનો છે તેમજ અવારનવાર પ્રયત્નો કરવા છતાં આરોપી મળી આવતો ન હોય સદર કામે ફરીયાદી–કચેરીના અધિકારીને પ્રોસેસ કાઢી બજવણી અર્થે સોંપવામાં આવેલા તેમજ તેઓને આરોપીને કોઈપણ રીતે શોધી તેઓના નવા સરનામા અત્રેની અદાલત સમક્ષ રજુ કરવા જણાવવામાં આવેલ તથા હાલના સોંપેલ પ્રોસેસ આરોપીને બજવણી કરી અત્રેની અદાલતને પરત કરવા આપવામાં આવેલ. પ્રસ્તુત કેસમાં ફરીયાદી–કચેરીના અધિકારી દ્વારા સદર પ્રોસેસની બજવણી કરવા પુરતા અને તમામ પ્રયત્નો કરવામાં આવેલ પરંતુ ફરીયાદી–કચેરીના અધિકારી આરોપીને શોધી શકવામાં કે સમન્સની બજવણી કરવામાં અસફળ રહેલ છે તથા તે મતલબની નોંધ કરી તેઓને સોંપેલ પ્રોસેસ અત્રેની અદાલતને પરત કરેલ છે.

(૩) ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેમજ હાલના કેસનું રેકર્ડ વંચાણે લેતાં પ્રસ્તુત કેસ ધણો જ જુનો છે તથા પ્રસ્તુત કેસમાં આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે કે તેની સામે ટ્રાયલ શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તદઉપરાંત હાલમાં અદાલતોમાં કેસોના ભરાવાનું પ્રમાણ જોવામાં આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમાં ફરીયાદપક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનું કોઈ સરનામું રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવિષ્યમાં ટ્રાયલ શરૂ થઈ શકે તેમ નથી તેવો કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેંસલ કરવામાં આવે તો,અદાલતોમાં પેન્ડીંગ આવા જુના કેસોનું ભારણ ધટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પુરતુ ધ્યાન આપી શકે.

(૪) આ તબકકે અત્રેની અદાલતનું ધ્યાન નામદાર હાઈકોર્ટ દ્વારા ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નંબર ૬૫૬/૧૯૯૯,ગુજરાત સરકાર વિ.કે.કે.હરખાણીના કેસમાં તારીખ ૨૨/૦૩/૨૦૦૦ ના રોજ આપવામાં આવેલ ચુકાદા પર જાય છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવુ ઠરાવેલ છે કે,

"2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in effecting service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos . 1 to 9 and 12, and that as and when addresses of accused nos. 10 and 11 are obtained, libery is reserved to the complainant to file fresh complaints against them. Ultimately the trial is derected to proceed as against accused nos. 1 to 9 and 12.

3. On the facts and circumstances of the case I find that the impuged order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, summarily dismissed"

(૫) ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં હાલના કેસમાં પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમાં ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે જેથી,ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

૧. આ કામના આરોપી મળી આવતા ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપીનું નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોય તેમજ આરોપી સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરૂ થાય તેવી કોઈ શકયતા ન હોય,ફરીયાદપક્ષને જયારે આરોપી તથા તેનું સરનામું મળી આવે ત્યારે ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે,નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ – –૨૦૧૯

***(પવનકુમાર નાનકચંદ નવીન)***
*૧૬ માં એડીશનલ ચીફ*
*જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,વડોદરા.*
*CODE No. GJ00758*